સરદાર પટેલની જન્મજયંતીએ એકતાનગરમાં 400 કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

ડ૦પને હવે ક્રુઝમાંથી પણ જોઈ શકાશે

પીએમ મોદીએ અખંડ ભારતના શિલ્પીને શ્રદ્ધાંજલિ અર્પી

ભારત પર્વ-2026માં સ્વદેશી હાથશાળ અને હસ્તકલાના વારસાનું નિદર્શન મોદીએ નિહાળ્યું

ગાંધીનગરઃ એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતીની રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ભવ્ય ઉજવણીના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અખંડ ભારતના શિલ્પી અને દેશના લોહપુરુષ સરદાર પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે એકતાનગરને 400 કરોડથી વધુનાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ આપતાં વડાપ્રધાને અનેક યોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું. સીવેજ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, નર્મદા ઘાટનું આધુનિકીકરણ, ફેકેડ લાઈટિંગ, IRCTC હોટેલ, રેનફોરેસ્ટ, યુનિટી અને ઇકો ટ્રેલ સહિત પ્રવાસન અને માળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટ્સથી એકતાનગરના વિકાસને નવી ગતિ મળવાની સાથે ગોરા-ભાનદ્રા રોડ, ઝીરો વેસ્ટ સ્માર્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ખાલવાણી ઇકો ટુરિઝમ તેમજ કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડનના સંકલિત વિકાસનો માર્ગ પણ મોકળો થયો છે.

આ પ્રસંગે સરદાર પટેલને યાદ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, તેમણે પોતાનું સમગ્ર જીવન મજબૂત, સમૃદ્ધ અને સક્ષમ ભારતના નિર્માણ માટે સમર્પિત કર્યું હતું. માતૃભૂમિની સેવામાં સરદાર પટેલનું બલિદાન અને સમર્પણ વિકસિત તથા આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પ માટે આજે પણ પ્રેરણાનો મહાન સ્ત્રોત છે.

એકતાનગરના પ્રવાસનને વૈશ્વિક ઓળખ આપવાની દિશામાં પહેલ

વિકાસકાર્યોની સાથે વડાપ્રધાને એકતાનગરમાં યોજાઈ રહેલા ભારત પર્વ-2026માં સેન્ટ્રલ કોટેજ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (CCIC)ના પેવેલિયનની મુલાકાત પણ લીધી હતી. અહીં દેશના વિવિધ પ્રદેશોની પરંપરાગત હાથશાળ, હસ્તકલા અને સ્વદેશી કારીગરીનું નિદર્શન કરવામાં આવ્યું છે. ગુજરાતના કારીગરો દ્વારા અકીકના પથ્થરો, કિંમતી અને અર્ધકિંમતી પથ્થરોની કારીગરી તેમજ પરંપરાગત ઍપ્લિકે વર્કનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કડોદરાની સમ્રાટ વેલવેટ મિલમાં પાઈપો નાખી કેનાલના પાણીની ચોરી

વિડીયો વાયરલ થતાં સિંચાઇ વિભાગ દોડતું થયું; પાઇપ હટાવી દીધી પરંતુ જવાબદાર સામે કડક કાર્યવાહી ક્યારે?

સુરતઃ ખેડૂતોને ખેતી અને સિંચાઈ માટે ફાળવવામાં આવતું કેનાલનું પાણી ઔદ્યોગિક ઉપયોગ માટે વપરાતું હોવાનો ગંભીર મામલો સુરત જિલ્લાના કડોદરા વિસ્તારમાંથી સામે આવ્યો છે. સમ્રાટ વેલવેટ ટેક્સટાઇલ મિલમાં કેનાલમાંથી પાઇપલાઇન મારફતે પાણી પહોંચાડવામાં આવતું હોવાનો આક્ષેપ થયો છે.

સ્થાનિક જાગૃત નાગરિકે વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની સાથે સંબંધિત સિંચાઈ વિભાગના અધિકારીઓને જાણ કરી તપાસની માંગ કરવામાં આવી હતી. ફરિયાદ મળતાં અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને તપાસ દરમિયાન મિલમાં પાણી પહોંચાડવા માટે નાંખવામાં આવેલી પાઇપલાઇન હટાવવામાં આવી હતી. મિલ સંચાલકો સામે પાણીની ચોરીના આક્ષેપ અંગે કાર્યવાહી કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

જોકે, માત્ર પાઇપ હટાવવાથી સમગ્ર મામલો પૂરો થઈ જતો નથી. પાણી કેટલા સમયથી લેવામાં આવતું હતું, કેટલા પ્રમાણમાં પાણીનો ઉપયોગ થયો અને તેના માટે કોઈ મંજૂરી હતી કે નહીં, તે સહિતના સવાલોના જવાબ મળવા જરૂરી છે.

કડોદરા-પલસાણામાં સેંકડો મિલોમાં પાણીની ચોરીની વ્યાપક તપાસ થશે?

સિંચાઈ વિભાગનાં ફિલ્ડ ઓફિસર પ્રેરણા રાજપૂતનો સંપર્ક કરીને ખુલાસો મેળવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડ્યો નહોતો. હવે સવાલ એ છે કે વિભાગ માત્ર આ એક મિલ પૂરતી કાર્યવાહી કરશે કે કડોદરા અને પલસાણા વિસ્તારની અન્ય ઔદ્યોગિક મિલોમાં પણ આવી ગેરરીતિઓની તપાસ કરશે? કેનાલોની નિયમિત ચકાસણી, પાણીના વપરાશનું ઓડિટ અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થાય તે જરૂરી છે. ખેડૂતો માટેનું પાણી કોઈની ખાનગી મિલકત નથી. વિડીયો સામે આવ્યા પછી જાગતું તંત્ર હવે જવાબદારી નક્કી કરીને કડક કાર્યવાહી કરે છે કે મામલો દબાવી દેવામાં આવે છે, તેના પર સૌની નજર રહેશે.

ખેડૂતોના અધિકાર સામે ઔદ્યોગિક હિતને પ્રાધાન્ય?

કાપડ ઉદ્યોગમાં ઉત્પાદન પ્રક્રિયા માટે મોટા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. પરંતુ ઔદ્યોગિક જરૂરિયાતો પૂરી કરવા માટે ખેડૂતોના સિંચાઈના પાણીનો કથિત ગેરકાયદે ઉપયોગ થતો હોય તો તે ગંભીર બાબત છે. ખેડૂતોને પાણીની જરૂર હોય ત્યારે તેમના હિસ્સાના પાણીનો અન્યત્ર ઉપયોગ થતો હોવાના આક્ષેપની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

ઉધનાના આધુનિક હોલ્ડિંગ એરિયામાં મુસાફરોની એન્ટ્રી શરૂ, ભીડ થશે કંટ્રોલ

13 હજાર ચો.મી. માં તૈયાર યાત્રી સુવિધા કેન્દ્ર મુસાફરોને સમર્પિત

10 હજાર લોકોની ક્ષમતા, જંબો ફેન, આધુનિક ટોઈલેટ, સાઈન બોર્ડ અને CCTV થી સજ્જ

સુરત : દિવાળી અને છઠ પૂજા પર વતન જતા મુસાફરોની ભીડને વ્યવસ્થિત કરવા ઉધના રેલવે સ્ટેશન પર તૈયાર કરાયેલો આધુનિક હોલ્ડિંગ એરિયા 31 ઓક્ટોબરની રાતથી શરૂ કરી દેવામાં આવ્યો છે. આ સાથે જ 1 નવેમ્બરની સવારે ઉપડનારી અંત્યોદય અનરિઝર્વ્ડ એક્સપ્રેસ, તાપી ગંગા એક્સપ્રેસ સહિતની અન્ય ટ્રેનોના મુસાફરોને પ્લેટફોર્મ પર મોકલતા પહેલા આ સુવિધા કેન્દ્રમાં રોકવાનું શરૂ કરી દેવાયું છે. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (DRM) સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા અને નવા હોલ્ડિંગ એરિયાને મુસાફરોને સમર્પિત કર્યો હતો.

13 હજાર ચોરસ મીટરમાં બનેલા આ યાત્રી સુવિધા કેન્દ્રમાં એક સાથે 10 હજારથી વધુ મુસાફરોના રોકાવાની ક્ષમતા છે. એરપોર્ટની જેમ વિકસાવાયેલા આ પરિસરમાં મુસાફરોની અવરજવર માટે અલગ પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા, સાઈન બોર્ડ, ઈન્ડિકેટર, આધુનિક જંબો ફેન, લાઈટિંગ અને CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના PRO અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, પુરુષો માટે 10 વેસ્ટર્ન ટોઈલેટ, 49 યુરિનલ, 16 વોશ બેસિન અને 6 બાથરૂમ બનાવવામાં આવ્યા છે. જ્યારે મહિલાઓ માટે 13 ટોઈલેટ, 10 વોશ બેસિન અને 4 બાથરૂમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

દિવાળી, છઠની ભીડને પગલે સુરત-ઉધના સ્ટેશન પર પાર્સલ સેવા પર બ્રેક

લગેજ અને પાર્સલ બુકિંગ-હેન્ડલિંગ બંધ, તહેવાર બાદ સેવા પુનઃ શરૂ થશે

સુરતઃ દિવાળી અને છઠ પૂજાના તહેવારોને લઈને સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે પ્રશાસને મોટો નિર્ણય લીધો છે. સુરત (ST) અને ઉધના (UDN) બંને સ્ટેશનો પર પાર્સલ બુકિંગ અને પાર્સલ હેન્ડલિંગ પર કામચલાઉ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુંબઈ મંડળ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, આ પ્રતિબંધ તહેવારની ભીડ વખતે મુસાફરોની સુરક્ષા અને સરળ અવર-જવર જાળવી રાખવા માટે લેવામાં આવ્યો છે.

દર વર્ષે દિવાળી અને છઠ પૂજા દરમિયાન સુરત અને ઉધના સ્ટેશન પરથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં અત્યંત ભીડ જોવા મળે છે. હજારો પરપ્રાંતિય શ્રમિકો પોતાના વતન જાય છે. આ દરમિયાન પાર્સલની ગાડીઓ, ટ્રોલીઓ અને મોટા જથ્થામાં સામાનને કારણે પ્લેટફોર્મ નંબર 1, 2, 3 અને 4 પર ભારે અવરોધ ઊભો થાય છે. ભીડમાં અકસ્માતનો ભય પણ રહે છે. રેલવેએ દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કામચલાઉ પ્રતિબંધ લગાવ્યો છે.

વેપારીઓને અસર

સુરત ટેક્સટાઈલ અને ઉધનાના વેપારીઓ મોટા પ્રમાણમાં રેલવે પાર્સલ સેવાનો ઉપયોગ કરે છે. અચાનક લેવાયેલા આ નિર્ણયથી નાના વેપારીઓને હાલાકી પડી શકે છે. રેલવેએ વેપારીઓને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નજીકના અન્ય સ્ટેશનો અથવા રોડ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા સૂચન કર્યું છે.આ પ્રતિબંધ તહેવારની સિઝન પૂરી થયા બાદ તરત જ હટાવી લેવામાં આવશે અને પાર્સલ સેવા રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે તેવી રેલવે પ્રશાસને ખાતરી આપી છે.

સુમુલ ડેરીએ સુરત-તાપી જિલ્લામાં 7000 બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યા

ગોબરધન યોજના હેઠળ વાર્ષિક 40000 LPG સિલિન્ડરની બચત

350 ટન છાણમાંથી બચશે સ્વચ્છ ઊર્જા, હવે વધુ 10000 પ્લાન્ટ ઊભા કરાશે

સુરતઃ ભારત સરકારની ગોબરધન પહેલ હેઠળ સુમુલ ડેરી દ્વારા ગુજરાતના સુરત અને તાપી જિલ્લા તથા મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં અત્યાર સુધીમાં 7000 ઘરેલુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સફળતાને આગળ વધારવા આગામી સમયમાં વધુ 10,000 બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), GCMMF, નવીનીકરણીય ઊર્જા મંત્રાલય, ગુજરાત સરકાર અને સસ્ટેન પ્લસ એનર્જી ફાઉન્ડેશનના સહયોગથી આ કાર્યક્રમ અમલી બનાવવામાં આવી રહ્યો છે. સુમુલના આ બાયોગેસ પ્લાન્ટથી દર વર્ષે અંદાજે 40,000 LPG સિલિન્ડરની બચત થાય છે.

દરરોજ 350 મેટ્રિક ટન પશુછાણનો ઉપયોગ કરીને સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરવામાં આવે છે, જ્યારે બાયોગેસ પ્રક્રિયા બાદ દરરોજ 700 મેટ્રિક ટન જેટલી સ્લરી મળે છે, જેનો ઉપયોગ જૈવિક ખાતર તરીકે થઈ શકે છે. આ ઉપરાંત દર વર્ષે આશરે 42,000 ટન ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળવાનો અંદાજ છે. બાયોગેસના ઉપયોગથી LPG પરની નિર્ભરતા અને રસોઈના ઈંધણનો ખર્ચ ઘટે છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

પિતાનું પેટ્રોલ...

47 વર્ષીય શ્રમિક પિતાએ ઘર બહાર જ પોતાના શરીર પર પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. પિતાને ભડભડ સળગતા જોઈ કાળજાનો કટકો એવો 15 વર્ષનો પુત્ર પિતાને બચાવવા માટે ખુલ્લા હાથે આગમાં કૂદી પડ્યો હતો, પરંતુ નિયતિની ક્રૂરતા સામે પિતાનો જીવ બચી શક્યો નહીં અને સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો.મૂળ મહારાષ્ટ્રના વતની સંજયભાઈ શાંતારામ ટિળકે (ઉં.વ.47) લિંબાયતના સંજયનગરમાં બે પુત્રો સહિતના પરિવાર સાથે રહેતા હતા અને સુરતની કાપડ માર્કેટમાં પરસેવો પાડી પરિવારનું માંડ માંડ ગુજરાન ચલાવતા હતા. ટેક્સટાઇલ માર્કેટમાં છવાયેલી મંદીના કારણે છેલ્લા કેટલાક સમયથી તેમની આજીવિકા ખોરવાઈ ગઈ હતી. છેલ્લા 15 દિવસથી ઘરમાં કામ ન હોવાથી અને માથે ચડેલા દેવાના બોજ તળે તેઓ અંદરને અંદર ગૂંગળાઈ રહ્યા હતા. ગઈકાલે વહેલી સવારે આશરે ચાર વાગ્યે જ્યારે સમગ્ર મહોલ્લો ગાઢ નિંદ્રામાં હતો, ત્યારે સંજયભાઈના હૃદયમાં નિરાશાનું ભીષણ તોફાન ચાલી રહ્યું હતું. આર્થિક લાચારીથી તૂટી ચૂકેલા સંજયભાઈએ ઘર બહાર પાર્ક કરેલી એક્ટિવામાંથી પેટ્રોલ કાઢી પોતાના આખા શરીર પર રેડ્યું અને દીવાસળી ચાંપી દીધી હતી. ક્ષણભરમાં જ આખો દેહ અગ્નિજ્વાળાઓમાં લપેટાઈ ગયો હતો.

પિતાની ચીસો...

લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે પિતા-પુત્ર બંનેને સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં દિવ્યેશને પ્રાથમિક સારવાર આપી રજા અપાઈ હતી, જ્યારે ગંભીર રીતે દાઝી ગયેલા સંજયભાઈને વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જીવન અને મરણ વચ્ચેના કલાકોના સંઘર્ષ બાદ આજે સાંજે સંજયભાઈએ અંતિમ શ્વાસ લેતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

ઉઘરાણીના ફોનથી...

જીવવું હરામ કરી નાખ્યું હતું. સતત માનસિક તાણ અને લાચારીના બોજ તળે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાની આશંકા પરિવારજનોએ વ્યક્ત કરી છે. ઘટનાની જાણ થતાં લિંબાયત પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા અને દાઝેલા હાથે પિતાના મોતના આઘાતમાં સરી પડેલા 15 વર્ષના દિવ્યેશ અને તેના પરિવારના કલ્પાંતે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાવી દીધી છે.

ભજીયા ગુણવત્તાવાળા...

ઉત્તમ ગુણવત્તાવાળા સ્વાદિષ્ટ ભજીયા જોઈએ છે, તો પછી સામાન્ય પ્રજાને પીવા માટે શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પાણી કેમ મળતું નથી? શું મેયર સાહેબને જ ગુણવત્તાયુક્ત ભજીયા ખાવાનો અધિકાર છે અને પ્રજાના નસીબમાં ગટરનું પાણી જ લખાયેલું છે?” ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની બેઠકોમાં ગરમાગરમ VIP નાસ્તા અને પ્રજાના પીવાના ગ્લાસમાં રોગચાળો વહોરતું કાળું પાણી–આ કેવું ‘સ્માર્ટ સિટી’ મોડલ છે તેવા આકરા સવાલો હવે શહેરીજનો જાહેરમાં પૂછી રહ્યા છે.

લેન્ડિંગ માટે...

સ્થિતિ, હવામાન, પવનની દિશા અને ગતિ, લેન્ડિંગ દરમિયાન વિમાનની સ્થિતિ અથવા એર ટ્રાફિક કંટ્રોલની સૂચના સહિતનાં વિવિધ કારણોસર ગો-અરાઉન્ડ કરવામાં આવી શકે છે. પાયલટ દ્વારા મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને લેવાતો આ સાવચેતીભર્યો નિર્ણય હોઈ શકે છે.

દીકરાની ચિતા...

એક મોતની ધમકી આપતી સ્ટોરીઓ મૂકી પરિવારની વેદનામાં વધારો કર્યો હતો. દીકરાના બેસણાના દિવસે પણ આવી પોસ્ટ મૂકાતાં પિતાએ આખરે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ આપી છે.

નાના વરાછાની સ્વાતી સોસાયટીમાં રહેતા 48 વર્ષીય મહેશભાઈ જીવરાજભાઈ વઘાણી ગીતાંજલિ ચાર રસ્તા પાસે યાના ડીઆમના નામે હીરાનો વેપાર કરે છે. તેમનો 22 વર્ષીય મોટો દીકરો દીપ 16 ઓક્ટોબર, 2026ના રોજ અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો. પોસ્ટમોર્ટમ બાદ પરિવાર દીપના મૃતદેહને સુરત લાવી અંતિમવિધિ કરી હતી. દીકરાના મોતના બીજા દિવસે નાના દીકરા વાસુએ પરિવારને જાણ કરી કે _lalabhai^rabari^8182_ નામની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી દીપના મૃત્યુ અંગેની સ્ટોરી મૂકવામાં આવી છે. તેમાં અંગ્રેજીમાં ‘તમારા ગ્રુપમાંથી એક પછી એક લોકો મરવા લાગ્યા છે, હવે કોનો વારો છે?’ તેવા શબ્દો લખી ધમકી આપવામાં આવી હતી. સાથે જ દીપના મોતને કોઈ જૂથ સાથેના બદલા સાથે જોડતું લખાણ પણ મૂકવામાં આવ્યું હતું.

દીકરાના મોતના સમાચાર રાત્રે 2:29 વાગ્યે મળ્યા

16 ઓક્ટોબરની મધરાતે મહેશભાઈ ઘરે હતા ત્યારે દીકરા દીપના મિત્ર કેલ્વિન ખેનીનો ફોન આવ્યો હતો. તેણે કાકાને દીપનો અકસ્માત થયો હોવાનું અને તે શ્વાસ લઈ શકતો ન હોવાનું જણાવી લોકેશન પર પહોંચવા કહ્યું હતું. પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાંથી દીપને નવસારી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

દીકરાની હત્યા...

હોવાનો પણ ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો. વધુમાં, સોશિયલ મીડિયા પર ધમકીભર્યા મેસેજ કરનાર યુવકો દીપના ચાર વર્ષ જૂના મિત્રો હોવાનું અને અગાઉ એક યુવતીના મામલે તેમની સાથે માથાકૂટ થઈ હોવાનું પણ ફરિયાદીએ જણાવ્યું હતું.

દિવાળીના દિવસોમાં...

ડિગ્રી નોંધાયું હતું. જોકે, લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતાં રાત્રિ દરમિયાન ઠંડીનો અહેસાસ હજુ મર્યાદિત રહ્યો છે. શુક્રવારે લઘુત્તમ તાપમાન 25.8 ડિગ્રી નોંધાયું હતું, જે શનિવારે વધીને 26.2 ડિગ્રી થયું છે. આમ, લઘુત્તમ તાપમાનમાં 0.4 ડિગ્રીનો વધારો નોંધાયો છે. તેમ છતાં વહેલી સવારે વાતાવરણમાં અનુભવાતી ઠંડકને કારણે શિયાળાની શરૂઆતના સંકેતોનો અહેસાસ થવા લાગ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં થનારા ફેરફારો સાથે સવારના વાતાવરણમાં વધુ ઠંડક અનુભવાય તેવી લોકોમાં આશા છે. બીજી તરફ, શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 64 ટકાથી વધીને 70 ટકા થયું છે. પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી બદલાઈને પશ્ચિમની થઈ છે, જ્યારે તેની ઝડપ છથી વધીને સાત કિમી પ્રતિ કલાક નોંધાઈ છે. આમ, દિવસના તાપમાનમાં ઘટાડો અને વહેલી સવારની ઠંડક વચ્ચે સુરતવાસીઓ ધીમે ધીમે બદલાતી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. જોકે, દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ હજુ યથાવત્ છે.

સૌરાષ્ટ્રમાં કેટલાક...

રાજપરા ગામે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટી ગોપ અને લાલપુર તાલુકાના ભણગોર ગામમાં પણ પવન સાથે માવઠું થતાં ખેતરોમાં તૈયાર થઈ રહેલા પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. રાજકોટ જિલ્લાના જામકંડોરણા પંથકમાં સતત બીજા દિવસે માવઠું પડતાં ઉજળા અને બાલાપર ગામના ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને મગફળી, મરચી અને કપાસના પાકને નુકસાન થવાની આશંકા છે. બીજી તરફ, હવામાન વિભાગે ૧ નવેમ્બરે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની આગાહી કરી છે.

આજે છ...

રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં તેમજ દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ થવાની શક્યતા છે. અમદાવાદમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૩૪ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિ.સે. રહેવાની આગાહી કરવામાં આવી છે.

લાંચ કેસમાં...

પાડ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમા ચાલી હતી. સુનાવણી દરમિયાન ફરિયાદી અમૂક બાબતોમાં ફરી ગયા હતા. અન્ય પુરાવા અને રજૂઆત સાથે સરકારી વકીલ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે લાંચિયા આરોપીને ૩ વર્ષની સજા અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

ઓમર અબ્દુલ્લાએ...

દિલ્હી હાઈકોર્ટે છૂટાછેડા આપવાનો ઇનકાર કરતાં ઓમર અબ્દુલ્લાએ તે નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુનાવણી દરમિયાન, આ દંપતીએ બંધારણની કલમ 142 હેઠળ પરસ્પર સંમતિથી લગ્ન વિચ્છેદની માંગ કરતી સંયુક્ત અરજી સબમિટ કરી હતી. દંપતી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે કોર્ટને જાણ કરી હતી કે, તેઓ તેમના મતભેદો ઉકેલવા સંમત થયા છે.

મોદીએ વિપક્ષને...

અને સેક્યુલર સિવિલ કોડ તરફ આગળ વધવાને આગામી રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ ગણાવી હતી. વૈશ્વિક સ્તરે યુદ્ધ, આર્થિક અસ્થિરતા અને ઊર્જા સંકટ વચ્ચે ભારતની એકતાને દેશની સૌથી મોટી તાકાત ગણાવીને તેમણે 2047 સુધીમાં સશક્ત અને વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ દોહરાવ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં પ્રથમ વખત સાંજના સમયે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસના સમારોહમાં વડાપ્રધાન મોદીએ સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડનું નિરીક્ષણ કર્યું હતું અને દેશને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં અર્ધસૈનિક દળોની વિવિધ ટુકડીઓ, વિશેષ નક્સલવિરોધી સુરક્ષા દળો અને વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કલાકારોએ પોતાની પ્રસ્તુતિઓ દ્વારા દેશની એકતા અને વિવિધતાનું પ્રદર્શન કર્યું હતું.

સોનું રૂ. ૩૨૦૦...

છે તે મુજબ એક જાણકારે જણાવ્યું હતું. વિદેશી બજારોમાં, શુક્રવારે હાજર સોનું ૧૪૫.૮૪ ડોલર અથવા લગભગ ૪ ટકા ઘટીને ૩,૮૭૫.૫૫ ડોલર પ્રતિ ઓંસ પર બંધ થયું હતું, જે એક વર્ષથી વધુ સમયમાં તેની સૌથી નીચી સપાટી છે. આ અગાઉ તે ૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ સ્તરની આસપાસ ૩,૮૮૭.૦૯ ડોલર પ્રતિ ઓંસ પર નોંધાયું હતું. સ્પોટ સિલ્વર પણ ૩.૦૪ ડોલર અથવા ૬ ટકા ગગડીને ૪૯.૧૨ ડોલર પ્રતિ ઓંસ પર સ્થિર થઈ. આ ધાતુ અગાઉ ૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૪૮.૦૨ ડોલર પ્રતિ ઓંસ પર નોંધાઈ હતી.

ઇન્ડિયા ગઠબંધને...

મતદાનનો અધિકાર જોખમમાં છે.

લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર મીરા કુમારની અધ્યક્ષતામાં આ કાર્યવાહી કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં INDIA ગઠબંધનના નેતાઓ, સાંસદો, નાગરિક સમાજના પ્રતિનિધિઓ અને મતદાર યાદીમાંથી પોતાના નામ ખોટી રીતે કાઢી નાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરનાર કેટલાક લોકોએ હાજરી આપી હતી. આ બેઠકે રાષ્ટ્રીય રાજધાનીમાં રવિવાર યોજાનારી વિપક્ષી રેલી માટેનો માહોલ તૈયાર કર્યો હતો, જેનો હેતુ CEC કુમારને હટાવવા માટેનું દબાણ વધારવાનો છે. પ્રસ્તાવ રજૂ કરતા, ખડગેએ CEC કુમાર પર દેશદ્રોહનો આક્ષેપ કર્યો હતો અને તેમની સામેના “આક્ષેપો” વાંચીને તેમને પદ પરથી હટાવવા, ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેના 2023ના કાયદાને રદ કરવા તેમજ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયા બંધ કરવાની માગણી કરી હતી. મહાઅભિયોગના પ્રસ્તાવમાં સીઈસી સામે ૬ આરોપો મૂકાયા હતા.

નકલી સંસદનું...

ડિઝાઇન કરવામાં આવ્યો હતો, જેમાં લાકડાના પેનલવાળી અને સંસદ જેવી જ અર્ધવર્તુળાકાર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પ્રથમ ત્રણ હરોળમાં માઈક્રોફોન લગાવવામાં આવ્યા હતા. નાગરિક સમાજના સભ્યો અને જેમના નામો મતદારયાદીમાંથી કથિત ખોટી રીતે રદ થયા છે તેવા કેટલાક લોકો પણ હાજર હતા. ખડગેના સત્તાવાર નિવાસસ્થાનના બગીચામાં જૂની લોકસભા જેવી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને પ્રથમ ત્રણ હરોળમાં માઇક પણ મૂકવામાં આવ્યા હતા.

આજે દિલ્હીમાં...

INDIA બ્લોકના નેતાઓ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાનેથી ખુલ્લી બસોમાં બેસીને કૂચના પ્રારંભિક સ્થળે પહોંચશે તેવી અપેક્ષા છે. છેલ્લા કેટલાક દિવસોથી રામલીલા મેદાન ખાતે તૈયારીઓ ઝડપી બની ગઈ છે. વરિષ્ઠ વિપક્ષી નેતાઓ માટે કામદારોએ મુખ્ય મંચ પર વિશાળ ત્રિરંગો તંબુ તાણ્યો છે, જ્યારે INDIA બ્લોકના રાજ્ય એકમોના પ્રતિનિધિઓ માટે બીજા મંચની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સફેદ કેનોપી તંબુઓની હરોળો ગોઠવવામાં આવી છે, અવરજવર નિયંત્રિત કરવા માટે મેટલ બેરિકેડ્સ લગાવવામાં આવ્યા છે અને અસ્થાયી પ્લેટફોર્મ્સ બનાવવામાં આવ્યા છે, જ્યારે ટ્રકો દ્વારા ખુરશીઓ અને અન્ય સામગ્રી લાવવામાં આવી રહી છે. વિવિધ શ્રેણીના હાજરી આપનારાઓ માટે અલગ પ્રવેશદ્વારો અને વાડાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આયોજકોને ભીડને નિયંત્રિત કરવા, પીવાનું પાણી અને મહિલાઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા કરવા તથા ટ્રાફિક પોલીસ સાથે પાર્કિંગનું સંકલન કરવા માટે સ્વયંસેવકો તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. મેદાન પર રાત્રિ રોકાણ કરવાની મંજૂરી નથી.

૪૦૦૦થી વધુ પોલીસો, ૨૦૦ સીસીટીવી કેમેરા, ડ્રોનથી દેખરેખ

કૂચના માર્ગ પર અને સ્થળ પર સુરક્ષા તથા ભીડ વ્યવસ્થાપન માટે ૪,૦૦૦થી વધુ પોલીસકર્મીઓ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની કંપનીઓ તૈનાત કરવામાં આવશે. રામલીલા મેદાનને ૧૪ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે, જેમાંથી દરેકની દેખરેખ સહાયક કમિશનર (ACP) કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે. સર્વેલન્સ માટે ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા, ડ્રોન અને બોડી-વોર્ન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે, અને મેદાનની અંદર એક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.રવિવારે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી દિલ્હીના વિવિધ ભાગોમાં ટ્રાફિક પ્રતિબંધો પણ લાગુ રહેશે.

દસ લાખ લોકો...

રામલીલા મેદાન ખાલી હોય ત્યારે ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦ લોકોને સમાવી શકે છે, પરંતુ ખુરશીઓ, એન્ક્લોઝર્સ અને નિયુક્ત રસ્તાઓ ગોઠવ્યા બાદ ક્ષમતા ઘટીને અંદાજે ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ લોકોની થઈ જશે. ભીડ વધુ થાય તો તેને નિયંત્રિત કરવા માટે મેદાનની બહાર જગ્યા રાખવામાં આવશે.

ઇસરોએ NVS-03...

તેની નિર્ધારિત ઓર્બિટમાં સ્થાપિત કરી દીધો. લોન્ચનું નિરીક્ષણ કરી રહેલા ઈસરો વડા ડૉ. વી. નારાયણે મિશનની સફળતાની જાહેરાત કરી હતી અને આ સેટેલાઈટ પાછળ રહેલા ઉદ્યોગ જગત અને ઈજનેરોને અભિનંદન પાઠવ્યા હતા. આ મિશન ભારતના જિયોસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ(GSLV)ની ૨૦મી ફ્લાઈટ હતી, જેણે ૨,૨૫૦ કિલોગ્રામ વજનના આ સેટેલાઈટને જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO)માં પ્રક્ષેપિત કર્યો હતો. NVS-03 એ ઈસરોની બીજી પેઢીની નેવિગેશન સેટેલાઈટ શ્રેણીનો ત્રીજો ઉપગ્રહ છે, જેને NavIC હેઠળ નેવિગેશન સેવાઓની સતતતા સુનિશ્ચિત કરવા અને તેની ઉપલબ્ધતા સુધારવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ મિશન ભારત માટે એટલા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે દેશ તેની સ્વતંત્ર પોઝિશનિંગ, નેવિગેશન અને ટાઈમિંગ ક્ષમતાઓને મજબૂત કરવા માંગે છે, એવા સમયે જ્યારે સેટેલાઈટ આધારિત નેવિગેશન નાગરિક, વ્યાપારી અને વ્યૂહાત્મક ઉપયોગો માટે નિર્ણાયક બની ગયું છે. NavIC એ અમેરિકન GPS જેવી ભારતની પોતાની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ છે.

બુલેટ ટ્રેનના...

નોંધપાત્ર ઘટાડો થશેઃ દિલ્હીથી કાનપુરની મુસાફરીમાં ૧ કલાક અને ૪૫ મિનિટ લાગશે, દિલ્હીથી આગ્રા ૫૯ મિનિટમાં પહોંચાશે અને દિલ્હીથી લખનૌ ૨ કલાક અને ૧૨ મિનિટમાં પહોંચાશે. આ ઉપરાંત, લખનૌથી વારાણસીની સફર ૧ કલાક અને ૨૧ મિનિટમાં થશે, જ્યારે વારાણસીથી દિલ્હી ૩ કલાક અને ૩૫ મિનિટમાં પહોંચાશે. વૈષ્ણવે રાજ્યને ફાળવવામાં આવેલા અગાઉના રેલવે બજેટને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા.

દેશમાં નવેમ્બરમાં ઠંડી...

છે, ત્યારે તેનો વિરુદ્ધ તબક્કો ‘લા નીના’ સામાન્ય રીતે ઠંડક પ્રદાન કરે છે. ENSOનો તટસ્થ(ન્યુટ્રલ) તબક્કો પણ હોય છે. વધુમાં, આ ઓક્ટોબર દરમિયાન માસિક સરેરાશ લઘુત્તમ તાપમાન ૧૯૦૧ પછી પાંચમું સૌથી ઊંચું (૨૦.૮૩ ડિગ્રી સેલ્સિયસ) હતું. ઓક્ટોબર માટેનું સામાન્ય માસિક સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૦.૦૧ ડિગ્રી સેલ્સિયસ છે.

આંખમાં કંઇક ખટકવાઇ...

છે.’ તેમણે આગળ કહ્યું, ‘કાશ મારી પાસે થોડાક આંખના ટીપાં હોત.’ ત્યારબાદ ટ્રમ્પે એવા આલોચકો પર નિશાન સાધ્યું જેમણે આ સપ્તાહના અંતે રેલીઓ રદ કરવાનું કારણ તેમની ખરાબ તબિયત હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું, ‘જો મેં તેમ કર્યું હોત, તો તેઓ કહેત કે હું ગંભીર રીતે બીમાર છું, અને મારામાં કંઈક ખોટું છે.’ ૮૦ વર્ષીય પ્રમુખે કાનસ અને આયોવામાં આ સપ્તાહના અંતની બે રેલીઓ અચાનક રદ કરી હતી, જેના કારણે તેઓ સંપૂર્ણપણે ‘તંદુરસ્ત’ હોવાનો દાવો કરતા હોવા છતાં તેમની તબિયત અંગે અટકળો શરૂ થઈ ગઈ હતી.

અનાવિલ અવસાન–બેસણું

સ્વ.શ્રી રમેશચંદ્ર ધીરજલાલ દેસાઈ
સ્વ. તા. ૩૦/૧૦/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ રમેશચન્દ્ર ધીરજલાલ દેસાઈ (આર ડી. દેસાઈ) નું તારીખ ૩૦/૧૦/૨૦૨૬ ને શુક્રવારે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ મૃતાત્મા ના આત્માને સદ્‌ગતિ આપે એ જ પ્રાર્થના

સદ્‌ગત નું સયુકત બેસણું
તારીખ ૦૨/૧૧/૨૦૨૬ ને સોમવાર, ગ્રાઉન્ડ ફ્લોર ચિત્રાંગ દેસાઈ સંસ્કાર ભવન, દયાળજી આશ્રમ, મજુરાગેટ, સુરત, ખાતે બપોરે ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન રાખવામાં આવેલ છે

શોકાતુર
દેવયાનીબેન આર.દેસાઈ

પ્રવિણચન્દ્ર ધીરજલાલ દેસાઈ	શોભના પ્રવિણચન્દ્ર દેસાઈ
હિતેન્દ્ર ધીરજલાલ દેસાઈ	કિર્તી હિતેન્દ્ર દેસાઈ
નિપુણ પ્રવિણચન્દ્ર દેસાઈ	જેસલ પ્રવિણચન્દ્ર દેસાઈ
ઉત્પલ હિતેન્દ્ર દેસાઈ	ધીરજ પરિવાર

શ્વસુર પક્ષ–હનુમાન ભાગડા
દર્પણા દિલીપભાઈ દેસાઈ– નીરજ દીલીપભાઈ દેસાઈ
મનીષા સંજય વશી – સંજય જી. વશી